# ચરોતરમિત્ર

ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

આણંદ | નડીયાદ | ખેડા | પેટલાદ | ઉમરેઠ | ખંભાત | ડાકોર | લુણાવાડા | બાલાસિનોર



તારાપુર પાલિકાની પ્રથમ ચૂંટણીમાં કશમકશ | ગ્રામ્ય મતદારો પહેલી વખત શહેરી મતદારો તરીકે મતદાન કરી 56 ઉમેદવારોની કારકિર્દી નિશ્ચિત કરશે

## તારાપુરમાં ચૂંટણીનો ધમધમાટ: ભાજપ-કોંગ્રેસ વચ્ચે સીધી ટક્કર

**તારાપુર** શહેરમાં વિવિધ વિસ્તારોમાં 13 મતદાન મથકો નગરપાલિકાની પ્રથમ ચુંટણી માટે તૈનાત કરાયા

(પ્રતિનિધિ) તારાપુર તા.19

તારાપુર નગરપાલિકાની પ્રથમ ચૂંટણીને લઈને રાજકીય માહોલ દિવસેને દિવસે વધુ ઉત્તેજના ભર્યો બની રહ્યો છે. નવનિર્મિત નગરપાલિકામાં સત્તા કબજે કરવા માટે રાજકીય પક્ષો વચ્ચે ગળાકાપ હરીફાઈ જેવી સ્થિતિ જોવા મળી રહી છે, જેના કારણે સમગ્ર શહેરમાં ચૂંટણીનો જબરદસ્ત માહોલ જામ્યો છે.

તારાપુર નગરપાલિકાના કુલ 6 વોર્ડની કુલ 24 બેઠકો માટે ઉમેદવારી પ્રક્રિયા પૂર્ણ થયા બાદ હવે ચુંટણી ચિત્ર સ્પષ્ટ થયું છે. કુલ 56 ઉમેદવારો ચૂંટણી મેદાનમાં હોવાને કારણે દરેક બેઠક પર રસાકસીભરી રહેનાર હોવાનું રાજકીય વિશ્લેષકો જણાવી રહ્યા છે. મતદારોને રીઝવવા માટે શામ દામ દંડની નીતિવાળુ રાજકારણ જોર પકડશે તેવી સંભાવનાઓ વ્યક્ત થઈ રહી છે.

વર્તમાન ચુંટણી અંગે પક્ષવાર સ્થિતિ જોતા ભાજપે તમામ 24 બેઠકો પર ઉમેદવારો ઊભા કરીને સંપૂર્ણ બહુમતી સાથે સત્તા મેળવવાનો દાવો કર્યો છે. કોંગ્રેસે 23 ઉમેદવારો સાથે ભાજપને સીધી ટક્કર આપવા માટે વ્યૂહરચના તૈયાર કરી




છે. જોકે આમ આદમી પાર્ટી (AAP)એ પણ 4 ઉમેદવારોને મેદાનમાં ઉતાર્યા છે, જ્યારે 5 અપક્ષ ઉમેદવારો મેદાનમાં હોવાને કારણે ઘણા વોર્ડમાં ત્રિકોણીય અને કેટલાક સ્થળોએ ચતુષ્કોણીય મુકાબલો સર્જાયો છે.

અત્રે ઉલ્લેખનીય છે કે સ્થાનિક સ્તરે જૂથવાદ, ટિકિટ વહેંચણીમાં અસંતોષ અને આંતરિક મતભેદો પણ ચૂંટણીમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી શકે છે. ખાસ કરીને કેટલાક વિસ્તારોમાં બળવાખોર તત્વો અને અપક્ષ ઉમેદવારો પક્ષોના સત્તાવાર ઉમેદવારો માટે મુશ્કેલી ઊભી કરી શકે છે, જેના કારણે અણધાર્યા પરિણામોમાં આવવાની શક્યતાઓ નકારી શકાય નહીં.

તારાપુર નગરપાલિકા ચુંટણી માટે હવે ઉમેદવારોનુ પ્રચાર અભિયાન તેજ બનતાં સમગ્ર શહેરમાં ચુંટણીની ચહલપહલ જોવા મળે છે. શહેરમાં બેનરો, પોસ્ટરો અને ડોર-ટુ-ડોર કેમ્પેઈનનો ધમધમાટ શરૂ થયો છે. મતદારોને આકર્ષવા માટે વિકાસના મુદ્દા, સ્થાનિક પ્રશ્નો, પાણી-રસ્તા-સફાઈ જેવા પ્રશ્નો સાથે જાતિ અને સમાજ આધારિત ગણિત પણ મહત્વનું બનશે.

આગામી દિવસોમાં સભાઓ, રોડ શો, પ્રચાર રેલીઓ અને સોશિયલ મીડીયા અભિયાનોથી તારાપુરમાં રાજકીય માહોલ ચરમસીમાએ પહોંચશે. હવે મતદારો કોની તરફ વળે છે અને કોને સત્તાની ચાવી સોંપે છે તે જોવું રસપ્રદ રહેશે.

તારાપુર તાલુકો સોજિત્રા વિધાનસભામાં આવેલો છે. આ વિસ્તારમાં વર્ષ 2012 અને 2017માં કોંગ્રેસના ધારાસભ્ય પૂનમભાઈ પરમારનો દબદબો રહ્યો હતો. પરંતુ તેઓએ જે તે સમયે તારાપુર ગ્રામ પંચાયતમાં પરિવારવાદ ચલાવ્યો હતો અને પંચાયતને એટીએમ બનાવી મનફાવે તેમ પ્રજાના નાણાનો દુરૂપયોગ કર્યો હતો. જેથી પ્રજામાં પણ રોષ ફેલાયો હતો.

### તારાપુરના સરપંચ સભ્ય માટે મતદાન કરનાર હવે કાઉન્સિલર માટે મત આપશે

તારાપુર ગ્રામ પંચાયતની છેલ્લી સામાન્ય ચૂંટણી વર્ષ 2021ના ડિસેમ્બર મહિનામાં યોજાઈ હતી. જેમાં સરપંચ અને વોર્ડના સભ્ય માટે મતદાન કરાયું હતું. હવે ગ્રામ પંચાયતનો દરજ્જો રદ થતાં નગરપાલિકા બનતાં પ્રથમ સામાન્ય ચુંટણી માટે આગામી 26 મી એપ્રિલે મતદાન થવાનું છે. પાંચ વર્ષના સમયગાળામાં જ તારાપુરના મતદારો સરપંચ સભ્યને બદલે હવે કાઉન્સિલર માટેની મતદાન પ્રક્રિયામાં મતાધિકારનો ઉપયોગ કરશે.

### સરપંચ પદે બરતરફ થયેલ પુનમભાઇ પરમાર કાઉન્સિલર બનવા માટે મેદાનમાં ઉતર્યા

ગ્રામ પંચાયત ચુંટણીમાં હરિફ ઉમેદવાર સામે મત મેળવીને તત્કાલીન સમયે ધારાસભ્યપદની સાથે સાથે સરપંચ પદ હાંસલ કર્યું હતું. જોકે ત્યારબાદ ભ્રષ્ટાચારના મુદ્દે તારાપુર ગ્રામ પંચાયતના સરપંચ પદેથી બરતરફ કરવામાં આવ્યા હતા. હવે ગ્રામ પંચાયતનું અસ્તિત્વ રહ્યું નથી. નવ રચિત નગરપાલિકામાં પ્રતિનિધિત્વ મેળવવા માટે વોર્ડ 6 બેઠક પરથી ઉમેદવારી નોંધાવી ચુંટણી જંગમાં ઝંપલાવ્યું છે.

## ચૂંટણીમાં બ્રહ્મસમાજની અવગણનાથી ભારે રોષ

**આણંદમાં** ભારે નારાજગી સાથે નવા જુની થવાનાં એંધાણ

(પ્રતિનિધિ) આણંદ તા.19

આણંદ જિલ્લામાં જીલ્લા પંચાયત તથા તાલુકા પંચાયતની ચુંટણીઓ જાહેર થતાં રાજકીય ગરમાવો તેજ બન્યો છે, પરંતુ આ વખતે ઉમેદવારોને મેન્ડેટની ફાળવણીમાં બ્રહ્મ સમાજને સંપૂર્ણ રીતે અવગણવામાં આવતાં સમાજમાં ભારે નારાજગી અને અસંતોષનો માહોલ સર્જાયો છે.

આણંદ જીલ્લા પંચાયતની કુલ 40 બેઠકો અને તાલુકા પંચાયતની 192 બેઠકો માટે ઉમેદવારોમાં રાજકીય પક્ષોએ એક પણ બેઠક બ્રહ્મ સમાજને ફાળવવામાં આવી નથી. આ પરિસ્થિતિને કારણે સમાજના આગેવાનો અને કાર્યકરોમાં અસંતોષ ફાટી નીકળ્યો છે અને તેઓએ આને સ્પષ્ટ રીતે રાજકીય અન્યાય ગણાવ્યો છે.

ખંભાત તાલુકાના ખડોધી ગામના અગ્રણી હિતેશ જોશીના જણાવ્યા મુજબ, ખંભાતના ધારાસભ્ય તરીકે શિરિષભાઈ અને મયુરભાઈ સહિત ઘણા બધા આગેવાનોએ બ્રહ્મ સમાજવતી અગાઉ રાજકીય ક્ષેત્રે મહત્વપૂર્ણ યોગદાન આપ્યું છે. વિવિધ પક્ષોમાં રહી સમાજના આગેવાનોને જવાબદાર પદો સોંપવામાં આવ્યા હતા અને સંગઠન મજબૂત કરવામાં તેમનો મહત્વનો ફાળો રહ્યો છે. છતાં વર્તમાન ચુંટણીમાં એકપણ પ્રતિનિધિત્વ ન મળવું એ સમાજ માટે અપમાનજનક છે.

ચૂંટણી સમયે જ સમાજને યાદ કરવામાં આવે છે, પરંતુ ટિકિટ ફાળવણી વખતે સંપૂર્ણ રીતે અવગણવામાં આવે છે. જેના કારણે બ્રહ્મ સમાજમાં રાજકીય પક્ષો પ્રત્યે અવિશ્વાસની લાગણી વધતી જોવા મળી રહી છે.

વિદ્યાધામમાં પાપનું સામ્રાજ્ય | વિદ્યાર્થીઓના ઉંબરે 'સ્પા' ના નામે દેહવ્યાપારનું દૂષણ

## વિદ્યાનગરમાં સ્પાની આડમાં ચાલતા દેહવ્યાપારના વેપલાનો ઘટસ્ફોટ થયો

**સ્પેશ્યલ ઓપરેશન** ગ્રુપે બે થાઈલેન્ડની યુવતીઓ સહિત 9ની અટકાયત કરી

(પ્રતિનિધિ) આણંદ તા.19

વલ્લભ વિદ્યાનગર એ સમગ્ર ગુજરાતનું વિદ્યાધામ છે, જ્યાં રાજ્યભરમાંથી હજારો વિદ્યાર્થીઓ પોતાના ઉજ્જવળ ભવિષ્યના સપના લઈને આવે છે. માતા-પિતા પોતાના સંતાનોને જોજનો દૂર ભરોસા સાથે ભણવા મોકલે છે, પરંતુ હવે આ પવિત્ર શૈક્ષણિક નગરીમાં 'સ્પા'ના નામે ચાલતા કુટણખાનાઓનું ગ્રહણ લાગ્યું હોય તેમ જણાય છે. આણંદ સ્પેશ્યલ ઓપરેશન ગ્રુપની ટીમે ઈસ્કોન રોડ પર આવેલી હોટલની ઉપર ચાલી રહેલા હાઈપ્રોફાઈલ સેક્સ રેકેટનો પર્દાફાશ કરી વિદ્યાધામને કલંકિત કરનારા તત્વોને ખુલ્લા પાડ્યા છે.

આણંદ-વિદ્યાનગરના જે રસ્તાઓ પર વિદ્યાર્થીઓ શિક્ષણના પાઠ ભણવા નીકળે છે, તેવા આર્યસમાજ રોડ અને ઈસ્કોન રોડ પર આવેલી હોટલની ઉપર પહેલા માળે 'રોઝ ફેમીલી સ્પા' ધમધમતું હતું. આ સ્પાની આડમાં સંચાલિકા રાખી કેસરીલાલ ગાંગલે (રહે. ઈન્દોર) બહારથી યુવતીઓને લાલચ આપી બોલાવતી અને સ્પામાં જ રાખીને તેમની પાસે દેહવ્યાપાર કરાવતી હતી. આ બાતમીના આધારે સ્પેશ્યલ ઓપરેશન ગ્રુપની ટીમે દરોડો પાડતા 2 થાઈલેન્ડની યુવતીઓ અને 6 સ્થાનિક લલનાઓ મળી કુલ 9 મહિલાઓ પકડાઈ હતી. આ દરોડામાં પોલીસે 27,130 નો મુદ્દામાલ જપ્ત કર્યો છે.

### ભાવિ પેઢીને બરબાદ કરવાના 'શૈતાની પેતરા'

વિદ્યાનગરના શાંત અને શૈક્ષણિક માહોલમાં આ પ્રકારની અસામાજિક પ્રવૃત્તિઓ યુવા પેઢીને ગેરમાર્ગે દોરનારા શૈતાની પેતરા સમાન છે. માતા-પિતાથી દૂર એકલા રહેતા વિદ્યાર્થીઓ આવા આકર્ષણોમાં ફસાઈને પોતાનું ભવિષ્ય બરબાદ ન કરે તે માટે પોલીસની આ કાર્યવાહી અત્યંત જરૂરી હતી. વિદ્યાધામની પવિત્રતા જાળવી રાખવા માટે સ્પા સેન્ટરો સામે માત્ર દરોડા જ નહીં, પરંતુ કાયમી ધોરણે કડક પ્રતિબંધાત્મક કાર્યવાહી કરવામાં આવે તેવી માંગ ઉઠી છે.

### વિદ્યાનગરમાં બિલાડીના ટોપની જેમ ધમધમતા 'સ્પા'

વિદ્યાનગરમાં દેશ - વિદેશથી હજારોની સંખ્યામાં વિદ્યાર્થીઓ ઉજ્જવળ કારકિર્દીનું ઉચ્ચ શિક્ષણ માટે પ્રવેશ લેતા હોય છે. તેઓ તેમના માતા - પિતાની હજારો કિલોમીટર દુર હોય છે. બીજી તરફ આ શિક્ષણનગરીને અનૈતિક પ્રવૃત્તિનો લુણો લાગી રહ્યો છે. અગાઉ ડ્રગ્સનું રેકેટ પકડાયું હતું. તેવી જ રીતે હવે દેહવ્યાપારની બદી પણ વધી છે. જેના પગલે વાલીઓ તેમના વ્હાલા સંતાનોને અહીં અભ્યાસ માટે મુકતા પહેલા સો વખત વિચારી રહ્યાં છે.

## માતરમાં જમીન વિવાદમાં 5નો યુવક પર ઘાતક હુમલો

**સમાજની વાડી પાસે** લોખંડના પાઈપ અને પથ્થરો વડે હુમલો કર્યો

(પ્રતિનિધિ) નડિયાદ તા.19

માતર તાલુકામાં જમીન બાબતે ચાલી રહેલી તકરારમાં એક યુવક પર પાંચ જેટલા શખ્સોએ લોખંડના પાઈપ અને પથ્થરો વડે હુમલો કરી ગંભીર ઈજાઓ પહોંચાડી હોવાની ઘટના બની છે. આ મામલે માતર પોલીસે વિવિધ કલમો હેઠળ ગુનો નોંધી ધરપકડ માટે ચક્રોગતિમાન કર્યાં છે.

માતરની તુલસી વિલા સોસાયટીમાં રહેતા ઉમંગભાઈ શર્મા ગત શુક્રવારે રાત્રે જ્યારે પોતાના ઘર તરફ જઈ રહ્યા હતા, ત્યારે માતર સમાજની વાડી પાસે પાંચ શખ્સોએ તેમને આંતર્યા હતા. અગાઉથી ચાલી આવતા જમીન વિવાદની અદાવત રાખીને આરોપીઓએ ઉમંગભાઈ સાથે ઉગ્ર બોલાચાલી કરી શારીરિક હુમલો કર્યો હતો. આરોપીઓએ લોખંડના પાઈપ અને પથ્થરો વડે હુમલો કરતા યુવકને માથા તેમજ શરીરના અન્ય ભાગે ગંભીર ઈજાઓ પહોંચી હતી. હુમલાખોરોએ ધમકી આપી હતી કે જો જમીન બાબતે પોલીસમાં કોઈ કાર્યવાહી કરવામાં આવશે તો તેને જીવતો છોડવામાં આવશે નહીં. આસપાસના લોકો દોડી આવતા આરોપીઓ ત્યાંથી ફરાર થઈ ગયા હતા. માતર પોલીસે ભોગ બનનારની ફરિયાદના આધારે જયેશ રબારી, વિશાલ રબારી, પકો રબારી, ભોલો રબારી અને પાર્થ રબારી વિરુદ્ધ ગુનો દાખલ કર્યો છે. પોલીસે હુમલામાં વપરાયેલા હથિયારો કબજે કરવા અને ફરાર આરોપીઓને પકડવા માટે અલગ-અલગ ટીમો બનાવી તપાસ શરૂ કરી છે.

### નડીયાદ શહેરમાં મંત્રોચ્ચાર અને પૂજન વિધિ સાથે ભગવાન પરશુરામના જન્મોત્સવની ભવ્ય ઉજવણી કરવામાં આવી




નડીયાદમાં સમસ્ત બ્રહ્મ સમાજ અને બ્રહ્મ શક્તિ સેના દ્વારા છાગેશ્વર મહાદેવ ખાતે પરશુરામ જન્મોત્સવની પૂજન વિધિ યોજાઈ હતી. આ પ્રસંગે મહેશભાઈ મહેતા, મૌલેશભાઈ મહેતા, ઉમેશભાઈ ઢગટ અને ધવલ ત્રિવેદી સહિતના અગ્રણીઓ ખાસ ઉપસ્થિત રહ્યાં હતાં. રવિદત્ત વ્યાસ, ગૌરવ તરવાડી અને મહિલા પ્રમુખ રિદ્ધિબેન તરવાડી સહિતના હોદ્દેદારોએ મંત્રોચ્ચાર સાથે ભક્તિભાવપૂર્વક પૂજન કર્યું હતું. આ ઉપરાંત મોટી સંખ્યામાં ભૂદેવો, મહિલાઓ અને વડીલોની પ્રેરણાદાયી ઉપસ્થિતિમાં ભગવાન પરશુરામ જન્મોત્સવની હર્ષોલ્લાસ સાથે ઉજવણી કરાઈ હતી. **તસવીર : જશવંતસિંહ રાઠોડ**

## ખેડા દુષ્કર્મમાં આઠેયના 3 દિ'ના રિમાન્ડ લેવાયાં

**બ્લેકમેલિંગ અને** ગુનાના પુરાવા મજબૂત કરવા પોલીસનો એક્શન પ્લાન

(પ્રતિનિધિ) નડિયાદ તા.19

ખેડામાં સગીરા પર થયેલા અમાનવીય સામુહિક દુષ્કર્મ કેસમાં પોલીસે તપાસનો ધમધમાટ તેજ કર્યો છે. આ કેસમાં ઝડપાયેલા 8 આરોપીઓને કોર્ટમાં રજૂ કરીને 3 દિવસના રિમાન્ડ મેળવવામાં આવ્યા છે. આ રિમાન્ડમાં અનેક પુરાવા સહિતની વિગતો બહાર આવશે.

ખેડા પોલીસની તપાસમાં સામે આવ્યું છે કે, આ નરાધમો સગીરાને અલગ-અલગ નિર્જન સ્થળોએ બોલાવીને હવસનો શિકાર બનાવતા હતા. પોલીસે એ તમામ લોકેશન પર પંચાનામું કરી નકશો તૈયાર કર્યો છે અને બ્લેકમેલિંગ માટે વપરાયેલા ટેકનિકલ પુરાવાઓ પણ એકત્ર કર્યા છે. આ પ્રક્રિયા દરમિયાન સ્થાનિકોમાં ભારે રોષ જોવા મળ્યો હતો અને આરોપીઓને કડક ફાંસીની સજા થાય તેવી માંગ ઉઠી છે.

ખેડા જિલ્લા પોલીસ વડાના સીધા મોનિટરિંગ હેઠળ ચાલી રહેલી આ તપાસમાં એફએસએલની પણ મદદ લેવામાં આવી છે. આ કેસમાં હજુ પણ એક આરોપી ફરાર છે, જેને પકડવા માટે અલગ-અલગ ટીમો દ્વારા દરોડા પાડવામાં આવી રહ્યા છે. પોલીસ તમામ વૈજ્ઞાનિક પુરાવાઓ એકત્રિત કરી ટૂંક સમયમાં ચાર્જશીટ રજૂ કરશે અને ફાસ્ટ ટ્રેક કોર્ટમાં કેસ ચલાવી આરોપીઓને કડક સજા અપાવવાની દિશામાં આગળ વધી રહી છે.

કેબિનમાં પ્લાસ્ટિકની થેલીમાં ભરેલો વનસ્પતિજન્ય સુકો ગાંજો મળ્યો

## વીરપુર: રમકડાં કેબિનની આડમાં ગાંજો વેચતા શખસની ધરપકડ

**મહિસાગર** સ્પેશ્યલ ઓપરેશન ગ્રુપે દરોડો પાડી ગાંજાનો જથ્થો પકડી પાડ્યો

(પ્રતિનિધિ) વીરપુર તા.19

મહીસાગર જિલ્લાના સ્પેશ્યલ ઓપરેશન ગ્રુપે બાતમીના આધારે વીરપુરના મહેમદપુરા વિસ્તારમાં દરિયાઈ પીરની દરગાહ પાસે આવેલી એક રમકડાંની કેબિનમાં દરોડો પાડ્યો હતો. આ કાર્યવાહી દરમિયાન પોલીસે પરવાનગી વગર ગેરકાયદેસર રીતે ગાંજાનો જથ્થો રાખી તેનું વેચાણ કરતા એક શખ્સને ઝડપી પાડ્યો છે. પોલીસે આરોપી પાસેથી ગાંજો અને મોબાઈલ ફોન મળી કુલ રૂ. 15,150નો મુદ્દામાલ કબજે કરી કાર્યવાહી હાથ ધરી છે.

મહીસાગર સ્પેશ્યલ ઓપરેશન ગ્રુપના પોલીસ કર્મચારીઓને ચોક્કસ બાતમી મળી હતી કે વીરપુરના મહેમદપુરામાં રહેતો સલીમ ઉર્ફે ગડ્ડો ઉસ્માન શેખ પોતાની રમકડાં વેચવાની કેબિનમાં માદક પદાર્થ ગાંજાનો જથ્થો રાખી તેનું વેચાણ કરે છે. આ બાતમીના આધારે પોલીસે શનિવારે પંચોની હાજરીમાં ઓચિંતી રેડ કરી હતી. પોલીસે જ્યારે કેબિનમાં તપાસ કરી ત્યારે તેમાંથી પ્લાસ્ટિકની થેલીમાં ભરેલો વનસ્પતિજન્ય સુકો ગાંજો મળી આવ્યો હતો. તેનું વજન કરાવતા તે 203 ગ્રામ કિંમત રૂ.10,150 હોવાનું જણાયું હતું. આ ઉપરાંત પોલીસે સલીમ પાસેથી મોબાઈલ ફોન પણ જપ્ત કર્યો હતો.

પ્રાથમિક પૂછપરછમાં સલીમ ઉર્ફે ગડ્ડોએ કબુલ્યું હતું કે, તે અગાઉ રવિવારે અમદાવાદ ખાતે રમકડાં ખરીદવા ગયો હતો ત્યારે ત્યાં શાહઆલમ વિસ્તારની ગલીમાં રહેતા એક અજાણ્યા શખ્સ પાસેથી આ ગાંજાનો જથ્થો પોતાના વપરાશ અને વેચાણ માટે લાવ્યો હતો. વીરપુર પોલીસે આ મામલે સલીમ ઉર્ફે ગડ્ડો ઉસ્માન શેખ વિરુદ્ધ ગુનો નોંધી તેની ધરપકડ કરી છે. આ કેસની વધુ તપાસ પોલીસ સબ ઈન્સ્પેક્ટર એ.એમ. બારીયા ચલાવી રહ્યા છે.

## કપડવંજના ખેડૂતના અંગદાનથી 7 જરૂરિયાતમંદોને મળ્યું નવજીવન

**ખેતી કરી** અનાજ પકવનાર ખેડૂતે મર્યા પછી પણ જીવન 'વાવ્યું'

(પ્રતિનિધિ) કપડવંજ તા.19

કપડવંજના એક સામાન્ય ખેડૂત પરિવારે ભારે હૈયે લીધેલા એક ઉમદા નિર્ણયે સાત વ્યક્તિઓના અંધકારમય જીવનમાં ઉજાસ પાથર્યો છે. માર્ગ અકસ્માતમાં ઈજાગ્રસ્ત થયા બાદ અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં બ્રેઈનડેડ જાહેર થયેલા 39 વર્ષીય ખેડૂત મનુભાઈ પરમારના અંગદાનથી



સાત દર્દીઓને નવું જીવન મળ્યું છે.

કપડવંજ તાલુકાના સાવલી ગામમાં રહીને ખેત મજૂરી કરતા મનુભાઈ પરમારને ગત 12મી એપ્રિલ 2026 ના રોજ એક માર્ગ અકસ્માતમાં માથાના ભાગે ગંભીર ઈજા થઈ હતી. તેમને વધુ સારવાર માટે અમદાવાદ સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા, જ્યાં 14મી એપ્રિલે તબીબોએ તેમને 'બ્રેઈનડેડ' જાહેર કર્યા હતા.

જ્યારે પરિવાર પર આભ ફાટ્યું હતું, ત્યારે સિવિલ હોસ્પિટલની અંગદાન ટીમના ડો. જીનેન પંડયાએ મનુભાઈની પત્ની અરખાબેન અને અન્ય સભ્યોને અંગદાનનું મહત્વ સમજાવ્યું હતું. સ્વજન ગુમાવ્યાના આઘાતની વચ્ચે પણ આ શ્રમજીવી પરિવારે મક્કમતા બતાવી અન્યને જીવતદાન આપવાનો ઐતિહાસિક નિર્ણય લીધો હતો. મનુભાઈના અંગદાન દ્વારા સાત વ્યક્તિને નવજીવન મળ્યું છે. આમ, જે ખેડૂત આજીવન પરસેવો પાડીને લોકોના જઠર ઠારતો રહ્યો, તેણે જતા-જતા પોતાના દેહના અંગો દ્વારા સાત જિંદગીઓને નવજીવનની અમૂલ્ય ભેટ આપી છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, અંગદાન એ સમાજ પ્રત્યેની એક મોટી જવાબદારી છે. એક વ્યક્તિ દ્વારા કરવામાં આવેલું અંગદાન અનેક લોકોના જીવન બચાવી શકે છે અથવા તેમના જીવનની ગુણવત્તામાં સુધારો કરી શકે છે.

કપડવંજના ખેડૂત દ્વારા કરવામાં આવેલા અંગદાનથી સાત વ્યક્તિના જીવનમાં ઉજાસ પથરાયો છે. આ ઉપરાંત અંગદાનએ માનવતાનું કાર્ય છે. નૈતિક દ્દષ્ટિએ તેને 'મહાદાન' માનવામાં આવે છે, કારણ કે તે કોઈ લાચાર વ્યક્તિને જીવનની બીજી તક આપે છે.

### સાત લોકોને મળી નવી જિંદગી

**હૃદય:** અમદાવાદની સિમ્સ હોસ્પિટલમાં સારવાર લેતા દર્દી માટે મોકલાયું.

**લીવર અને બે કિડની:** સિવિલ મેડિસિટી કેમ્પસની કિડની હોસ્પિટલમાં પ્રત્યારોપિત થશે.

**બે આંખો:** એમ એન્ડ જે આંખની હોસ્પિટલ દ્વારા સ્વીકારાઈ.

**ત્વચા:** સિવિલ હોસ્પિટલની સ્કીન બેંકમાં જમા કરાઈ.


ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

આણંદ, વિદ્યાનગર, કરમસદ તેમજ નડિયાદ ખાતે ગુજરાતમિત્ર અખબાર મેળવવા માટે તેમજ આપની કોપી નિયમિત રીતે ચાલુ કરવા માટે સંપર્ક કરો.

| આણંદ | નડિયાદ |
|---|---|
| જય એન્ટરપ્રાઈઝ | ઈશાન ન્યુઝ પેપર એજન્સી |
| કિશોર પ્લાઝા, | સાગર ભુવન, ડભાણ |
| આણંદ. | ભાગોળ, નડિયાદ |

કોપી ચાલુ કરવા માટે સંપર્ક કરો

મો. 99250 30225, મો. 99255 50225